## પ્રદિપ મિશ્રાની શિવ કથામાં શામિયાણું નાનુ પડ્યું

શહેરનાં ખરવાસા સ્થિત યોજાયેલી શિવ મહાપુરાણ કથાનો રવીવારે ચોથો દિવસ હતો. દેવાધી દેવમહાદેવની કથાનુ શ્રવણ તથા રસપાન કરવા માટે અલગ-અલગ રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. આખા પંડાલમાં પગ મુકવા જેટલી પણ જગ્યા બચી ન હતી, ત્યારે ઘણા ભક્તો પંડાલની બહાર ભર તાપમાં ઊભા રહીને પણ કથાનુ શ્રવણ કરતા દેખાયા હતા. **(તસવીર : સતીષ જાદવ)**

### શિવ મહાપુરાણકથાનાં બેનરો ઊતરી જવાનો વિવાદ રાજકીય રંગે રંગાયો

# હાઈકમાન્ડ કહેશે તો હું રાજીનામું આપવા તૈયાર છું : સોમનાથ મરાઠે

**મારી** ભલામણથી ઠરાવ થયો હતો તેમાં ફેરફાર થાય તો મને જાણ કરવી જોઇએ તે નથી થઇ તે વાતનું દુ:ખ છે

સુરતઃ શહેરના લિંબાયત વિસ્તારમાં એક તરફ ભક્તિનો સાગર છલકાઇ રહ્યો છે તો બીજી તરફ કેટલાક લોકોએ આ કથાને ભક્તિની શક્તિ બતાવવાને બદલે રાજકીય શક્તિ બતાવવો હિન પ્રયાસ કર્યો છે. આ કથામાં શિવની કથાને બદલે લિંબાયતનું સ્થાનિક રાજકારણનું પુરાણ વધુ પડતું ચાલી રહ્યું છે. શ્રીસાંઈ લીલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ શિવ મહાપુરાણની કથાનું ખુબ મોટુ આયોજન શહેરનાં ખરવાસા વિસ્તારમાં કરવામાં આવ્યું છે. ત્યારે કથા આયોજકોએ શહેરમાં વિવિધ જગ્યાએ તારીખ 4થી 22 જાન્યુઆરી દરમિયાન 100 બેનર વિનામુલ્યે આપવાનો ઠરાવ 3 જાન્યુઆરીની મનપાની સ્ટેન્ડિંગ સમિતિએ કર્યો હતો જે મુજબ 16 જાન્યુઆરીથી 22 જાન્યુઆરીને દરમિયાન આ બેનરો લગાવવાનાં પ્રસ્થાવને મંજુર રાખવામાં આવ્યો હતો જો કે આ બેનરો 16 જાન્યુઆરી સુધીની જ સમય મર્યાદા કરવા નિર્ણય કરાયા બાદ હવે મોટો વિવાદ ઉભો થયો છે.

આ દરખાસ્ત માટે ભલામણ પણ ભાજપના કોર્પોરેટર અને ટ્રાન્સપોર્ટ સમિતિના ચેરમેન સોમનાથ મરાઠેએ કરી હતી, જે બાબતે તેમણે જણાવ્યું હતુ કે, મારી ભલામણ બાદ આ નિર્ણય લેવાયો હતો.જો કે તારીખોમાં કરાયેલાં ફેરફારની જાણ તેમને પણ કરવામાં આવી ન હતી.આ પ્રકારનાં મોટા ધાર્મિક આયોજન હોવાથી મેં કોર્પોરેશનમાં ભલામણ કરી હતી. જેને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા આ ઠરાવ પસાર કરીને 80 જેટલા પોસ્ટર, બેનર, હોર્ડિંગ્સ લગાડવા માટે મંજૂરી આપી દેવામાં આવી હતી. પરંતુ એકાએક જ કયા કારણોસર ઠરાવમાં ફેરફાર કરવામાં આવ્યો છે તે અંગે મને કોઈ જાણ કરવામાં આવી નથી. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, મારી ભલામણ બાદ જ્યારે ઠરાવ પસાર કરવામાં આવ્યો હોય તો સ્વાભાવિક છે કે, ઠરાવમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો મને જાણ કરવી જરૂરી હતી. પરંતુ કોઈ કારણસર મને આ અંગે કોઈ જાણ કરવામાં આવી નથી. નક્કી કરેલા સમય પહેલા જ બેનરોને ઉતારી લેવાની કામગીરી શરૂ કરી દેવાય છે.

જે ખૂબ જ દુ:ખદ બાબત છે. આ સમગ્ર મુદ્દે હાઈ કમાન્ડને રજૂઆત કરવાનો છું. આ પ્રકારે ધાર્મિક કાર્યક્રમને લઈને રાજકારણ કરતા હોય તેમણે આ ખુલાસો કરવો જોઈએ. હાઈ કમાન્ડ મને કહેશે તો હું રાજીનામું પણ આપી દેવા તૈયાર છું.

શ્રીસાંઈ લીલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ શિવ મહાપુરાણ કથા અંતર્ગત શહેરનાં વિવિધ વિસ્તારોમાં તારીખ 4થી 22 જાન્યુઆરી દરમિયાન 100 જેટલા બેનરોને વિનામુલ્યે આપવાનો ઠરાવ 3 જાન્યુઆરીની મનપાની સ્ટેન્ડિંગ સમિતિએ કર્યો હતો જે મુજબ 16 જાન્યુઆરીથી 22 જાન્યુઆરીને દરમિયાન આ બેનરો લગાવવાનાં પ્રસ્થાવને મંજુર રાખવામાં આવ્યો હતો,જો કે બેનરો ઉતારી લેવાતા શિવ ભક્તોની લાગણી દુભાઈ છે.

## અડાજણના નવકાર રો હાઉસમાં રહેતા અનાવિલ વૃદ્ધનો આપઘાત

સુરત : અડાજણ ખાતે રહેતા વૃદ્ધએ આપઘાત કરી લીધો હતો. તેમણે આ પગલું એકલતાને કારણે ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અડાજણ વિસ્તારમાં આવેલા નવકાર રો હાઉસમાં રહેતા 81 વર્ષીય નટવર દોલતરાય દેસાઈ નિવૃત જીવન જીવતા હતા. તેમની પત્નીનું અવસાન થઈ જતા તેઓ પુત્ર સાથે રહેતા હતા. ઘણા સમયથી તેમની બ્લડ પ્રેશર સહિતની બીમારીઓ હોવાથી તેમની દવા પણ ચાલતી હતી. તેમણે આજે સવારે ઘરના રૂમના હૂક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. તેમણે આ પગલું એકલતાને કારણે ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. આ અંગે વધુ તપાસ અડાજણ પોલીસ કરી રહી છે.

## સચિન જીઆઈડીસીના સિક્યુરિટી ગાર્ડનું ટ્રેન અડફેટે મોત

સુરત : સચિન જીઆઈડીસી ખાતે રહેતા આધેડ આજે સવારે ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ સચિન રેલવે ટ્રેક ઓળંગતી વખતે ટ્રેન અડફેટે આવી જતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઓરિસ્સાના ગંજામના વતની અને હાલમાં સચિન જીઆઈડીસી મુકેશભાઈની ચાલ રેલવે સ્ટેશન પાસે રહેતા 48 વર્ષીય રબી દયાનિધિ બોસોઈ સિક્યુરિટી ગાર્ડનું કામ કરી પરિવારમાં પત્ની અને 2 સંતાનનું ગુજરાન ચલાવતા હતા. આજે સવારે રબીભાઈ પૌત્રીના છોકરાને રમાડ્યા બાદ ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ સચિન રેલવે ટ્રેક ઓળંગી રહ્યા હતા. તે વખતે ટ્રેન અડફેટે આવી જતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ સચિન જીઆઈડીસી પોલીસ કરી રહી છે.

## પાંડેસરામાં પાણી સમજી એસિડ પી જતાં આધેડનું મોત

સુરત : પાંડેસરા ખાતે રહેતા આધેડે શનિવારે રાત્રે ઘરે બોટલમાં મૂકેલું એસિડ પાણી સમજીને પી લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આધેડનું આજે સવારે મોત નીપજ્યું હતું. સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના વતની અને હાલમાં ગોવાલક નગર પાંડેસરામાં રહેતા 47 વર્ષીય સુનિલ સમારામ ચંદ્રવંશી કડિયા મજૂરી કામ કરી પરિવારમાં પત્ની અને 6 સંતાનનું ગુજરાન ચલાવતા હતા. તેમણે શનિવારે રાત્રે ઘરે બોટલમાં ભરીને મૂકેલું એસિડ પાણી સમજીને પી લીધું હતું. જેથી પરિવારજનો તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન આજે સવારે મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

# ઉઘરાણી કરવા ફરી આવશો તો ઘરે ચાલતા નહીં જઈ શકશો

**1 કરોડની** ઉઘરાણી કરવા ગયેલા કતારગામના યાર્નના વેપારીને ટાંટિયા તોડી નાંખવાની ધમકી

સુરતઃ કોઝવે રોડ પર રહેતા અને કતારગામમાં યાર્નના વેપારીને ઠગબાજે સમયસર પેમેન્ટ આપવાનું કહી વિશ્વાસમાં લઈ વેપાર શરૂ કર્યો હતો બન્ને ઠગબાજોએ વેપારીને શરૂવાતમમાં પેમેન્ટ કરી વિશ્વાસમાં લીધા બાદમાં 1.01કરોડની છેતરપીંડી કરી હતી.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ સિંગણપોર રોડ પર આવેલા શુકન હાઈટ્સ માં રહેતા મૂળ ભાવનગરના 55 વર્ષીય ગુણવંતભાઈ દામજીભાઈ સાંકડાસરીયા કતારગામ લક્ષ્મી એન્કલવમાં શ્રી રૂદ્રાક્ષ પોલી ફેબ અને શ્રી રૂદ્રાક્ષ પોલીયાર્નનાં નામે યાર્ન નો વેપાર કરે છે. તેમની ઓફિસમાં કામ કરતા જયેશભાઈએ વર્ષ 2023 માં તેમના પડોશમાં રહેતા યુવરાજ દીપકુમાર જરીવાલા (રહે., વેકંજા હોમ્સ, અલથાણ ભીમરાડ રોડ) એ યાર્નના વેપાર શરૂ કર્યો હોઈ તેમની સાથે યાર્ન નો વેપાર કરવા જણાવ્યું હતું. તેમણે હા પાડતા તેમની ઓફિસે યુવરાજ અને તેના બનેવી અજયકુમાર રામુભાઇ ગામીત (રહે., કલાપી એપાર્ટમેન્ટ, પાલનપુર જકાતનાકા)સાથે આવ્યો હતો. તે માર્કેટમાં છૂટક યાર્ન વેચાણ કરતા હોઈ તેમને યાર્નના માલ ની જરૂર હોઈ તેમની સાથે વેપાર કરવા જણાવ્યું હતું. બંનેએ આદિદેવ ટ્રેડર્સ નામે અજય ગામીત નાં નામનો જી.એસ.ટી નંબર ઉપર માલ મંગાવવાનું શરૂ કર્યું હતું. આ બંનેએ 2023માં જાન્યુઆરીથી એપ્રિલ સુધી 2.02 કરોડનું યાર્ન ખરીદ્યુ હતુ અને તેમાંથી ટુકડે ટુકડે 1.01 કરોડનું પેમેન્ટ કરી પણ દીધું હતું. ત્યાર બાદ બાકીના રૂપિયા વાયદા પ્રમાણે નહીં પહોંચતા ગુણવંતભાઈએ ઉઘરાણી શરૂ કરી હતી. જેથી યુવરાજ જરીવાલાએ એચડીએફસીના કેટલાક ચેક આપીને 90 દિવસમાં સંપૂર્ણ પેમેન્ટ ચૂકવી દેવાનો વાયદો કર્યો હતો.

આ તમામ ચેક રિટર્ન થતાં યાર્ન વેપારી ગુણવંતભાઇ ઉઘરાણી માટે તેમના ઘરે ગયા હતા તો રૂપિયા આપવાને બદલે આરોપીઓએ ફરી ઘરે ઉઘરાણી કરવા આવશે ચાલતા પાછા નહિ જાવ તેવી ધમકી આપી ઘરેથી કાઢી મૂક્યા હતા. આ મામલે કતારગામ પોલીસે ગુણવંત ભાઈની ફરિયાદ લઈ યુવરાજ જરીવાલા અને અજય ગામીત વિરૂદ્ધ 1.01 કરોડની છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

# હીરાબજારનું સેફ ડિપોઝિટ વોલ્ટ જ અનસેફ, લોકરમાંથી 4 લાખ ચોરાયા

**જ્યાં** કરોડોનો માલ પડી રહે છે તે સેફ ડિપોઝિટ વોલ્ટના કેમેરા જ નથી ચાલતા

સુરતઃ ગૌરવ પથ રોડ પર રહેતા 70 વર્ષીય વૃદ્ધ હીરા દલાલના મહિધરપુરા થોભાશેરીમાં આવેલા વિરલ સેફ ડિપોઝિટ હાઉસમાંથી અજાણ્યો 4 લાખ ચોરી જતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ ગૌરવ પથ રોડ પર આવેલી નક્ષત્ર એમબીસીમાં રહેતા 70 વર્ષીય અખેચંદ્ર ભમરાજ ચોપડા મહિધરપુરાનાં હીરા બજારમાં હીરાની દલાલી કરે છે. ગઇ તારીખ 27 - ડિસેમ્બરનાં રોજ મહિધરપુરા થોભાશેરીમાં આવેલા વિરલ સેફ હાઉસમાં તેમણે તેમના લોકર નંબર 1322 ઓપરેટ કરી તેમાં એક થેલીમાં ભરી 4 લાખ રોકડ મૂક્યા હતા. જ્યારે અન્ય 2.35 લાખ રોકડ પણ અલગથી મૂકી હતી. તેમની પૌત્રીની ફ્રેન્ડનો જન્મ દિવસ હોવાથી ત્યાંથી ઉતાવળમાં ચાવી લોકરમાં જ ભૂલીને નીકળી ગયા હતા. પરંતુ આ બાબત પાછળથી ધ્યાને આવતા તેઓ તાત્કાલિક વિરલ સેફ હાઉસ પહોંચી ગયા હતા.

જ્યાં ચાવી લોકરમાં જ લટકતી હતી. તેમણે લોકરમાં રાખેલા હીરાના બોક્સ અને પેકેટ ચેક કર્યા હતા અને ત્યાંથી નીકળી ગયા હતા. બીજા દિવસે તેમણે લોકર ચેક કરતાં તેમાંથી 4 લાખ ભરેલી થેલી ગાયબ ગાયબ હતી.તેમણે લોકરના માલિકને સીસીટીવી ફૂટેજ ચેક કરવાનું કહેતા તે બંધ હતાં. તેમણે કરેલી ફરિયાદના આધારે મહિધરપુરા પોલીસે અજાણ્યા વિરૂદ્ધ 4 લાખની ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ઓનલાઈન ટ્રેડિંગ કરવામાં સુરતના વેપારીઓએ 4 વર્ષમાં 10 કરોડ ગુમાવ્યા

**કાપડના** 6 વેપારીએ સુરત મર્કન્ટાઇલ એસોસિએશનને ફરિયાદ કરી

સુરત મર્કન્ટાઈલ એસોસિએશનની 191મી નિયમિત સાપ્તાહિક સમસ્યા નિવારણ સભા SMA ના પ્રમુખ નરેન્દ્ર સાબુના નેતૃત્વ હેઠળ મહેશ્વરી ભવનના બોર્ડ રૂમ સિટી લાઇટ ખાતે યોજાઈ હતી.

આ મીટિંગમાં, SMA ના 4 વર્ષના કાર્યકાળમાં પહેલીવાર, ઓનલાઈન ટ્રેડિંગ કરતા વેપારીઓ તરફથી છ અરજીઓ મળી હતી. તેમની સાથે જે છેતરપિંડી કરવામાં આવી છે તે એક એવી બાબત છે જેની કાપડ ઉદ્યોગના તમામ વેપારીઓએ નોંધ લેવી જોઈએ. આ છ વેપારીઓ સાથે જે સમસ્યા થઈ છે તે સુરતના બીજા 25 વેપારીઓ સાથે પણ થઈ છે. વેચાણ પ્રમોશન માટે, તે બધાનો પરિચય એક ભાઈ સાથે કરાવવામાં આવ્યો જેણે તેમનું વેચાણ વધારવા માટે દરેક પાસેથી 1 લાખ લીધા અને તેમનો માલ એક મોટી ઓનલાઈન કંપની દ્વારા ખર્ચના 70% નુકસાન સાથે વેચી દીધો.આ બધું એટલા માટે થયું કારણ કે સુરતના આ ઓનલાઈન દુકાનદારોને ઓનલાઈન બિઝનેસ કરવા માટે ખાતાઓનું જ્ઞાન નહોતું અને જ્યારે તેમણે પોતાના ખાતા તપાસ્યા ત્યારે તેમને ખબર પડી કે તેમની પેઢી નુકસાનને કારણે બંધ થઈ ગઈ છે. સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે આ 25 દુકાનદારોને ઓછામાં ઓછા 10 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. સુરત મર્કન્ટાઇલ એસોસિએશને આ તમામ વેપારીઓને સંપૂર્ણ ખાતરી આપી છે કે તેમણે જે પણ પગલાં લેવા પડશે, સંગઠન તેમની સાથે ઉભું છે અને તેમને મદદ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે પલસાણાના મિલ માલિકો સાથે ચાલતા વિવાદનું નિરાકરણ લાવાની તૈયારી પણ સુરત મર્કન્ટાઇલ એસોસિએશને દર્શાવી છે.

# એડવાન્સ ચેક સામે જ વેપારીઓએ ઉધારમાં કાપડ વેચવું જોઈએ : સીઆર.પાટીલ

**FOSTTA** દ્વારા સુરતના કાપડના વેપારીઓ માટે એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી

**વેપારીઓએ** દરેક માર્કેટમાં વોટર હાર્વેસ્ટિંગ અને બોરવેલની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ

સુરતઃ ફેડરેશન ઓફ સુરત ટેકસટાઈલ ટ્રેડ એસોસિએશન (FOSTTA)ની વાર્ષિક સાધારણ સભાને સંબોધતા કેન્દ્રીય જળ શકિત મંત્રી સીઆર.પાટિલે ચેમ્બરના સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં કાપડના વેપારીઓની સભાને સંબોધતાં કહ્યું હતું કે, 'કાપડના વેપારીઓનાં સંગઠનનું મુખ્ય કામ ફસાયેલા પેમેન્ટ ને કઢાવવાનું ન બનવું જોઈએ. કાપડના વેપારમાં મંદી ન આવે એનું એડવાન્સ પ્લાનિંગ કરવું જોઈએ. કયા રાજ્યોમાં કઈ પેટર્ન ડીઝાઈન ફેબ્રિકમાં ચાલે છે તેનો ડેટા મળવો જોઈએ. ફોસ્ટા એ એક વર્ષમાં વેપારીઓનું લાંબા સમયથી ફસાયેલું 100 કરોડનું પેમેન્ટ પરત અપાવ્યું એ સારી વાત છે. કાપડના વેપારમાં ચિટિંગની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો પડશે. જે વેપારીની છાપ કે રેકોર્ડ સારો ન હોય એની સાથે વેપાર ન કરવો જોઈએ. એડવાન્સ ચેક સામે જ ઉધારનો માલ આપવો જોઈએ. સંસ્થા એ બનાવેલી એપ્લિકેશન એ કામ કરશે.

વેપારીઓએ સરકારના જળ આંદોલન સાથે જોડાઈ દરેક માર્કેટમાં વોટર હાર્વેસ્ટિંગ અને બોરવેલની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. AGMમાં FOSTTA દ્વારા એક એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી.

### ફોસ્ટાનું કંપની એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન થયું, આર્બિટ્રેશન વ્યવસ્થા ઉભી થશે : કૈલાશ હાકીમ

ફોસ્ટા ના પ્રમુખ કૈલાશ હાકીમે જણાવ્યું હતી કે, યુવાનોને રોજગારી અને દેશને મોટી માત્રામાં ટેકસની આવક આપવામાં કાપડ ઉદ્યોગનો મોટો ફાળો રહ્યો છે. વેપારીઓનું પેમેન્ટ ન ડૂબે એ માટે આર્બીટ્રેશન હેઠળ વેપારીઓને ન્યાય અપાવીશું . કાપડ બજારમાં છેતરપિંડી અને અન્ય ગુનાઓને રોકવા અને સિસ્ટમની વધુ સારી અને સુગમ કામગીરી સુનિશ્ચિત કરવા માટે FOSTA એ કરેલી રજૂઆતના પરિણામે, ગુજરાત સરકાર અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ ભાઈ સંઘવીની મંજૂરીથી SIT ની રચના કરવામાં આવી છે.

# ગોલ્ડ લોન ભરી આપે તો સસ્તામાં સોનું વેચાણથી આપવાના બહાને યુવક સાથે 23.50 લાખની છેતરપિંડી

**લોન** ભરવા પૈસા ટ્રાન્સફર કરી આપ્યા બાદ ચેક બુક ઘરે રહી ગઈ હોવાનું કહી બે ઠગ બેંકમાંથી ફરાર

સુરત : મોટા વરાછામાં રહેતા અને સોના ચાંદીના ઘરેણા ખરીદ વેચાણ કરતા યુવકને ગોલ્ડ લોન ભરપાઈ કરી આપી 436 ગ્રામના સોનાના ઘરેણાં વેચાણથી આપવાનું કહી 23.50 લાખ પડાવી લીધા બાદ ઘરેણાં પણ વેચાણથી નહી આપી અને પૈસા પણ પરત નહી આપતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ મોટા વરાછાની નીલકંઠમાં રહેતા 32 વર્ષીય પૃથ્વીરાજ ધર્મેન્દ્ર પાંચાણી યોગીચોક ખાતે કોર્પોરેટ કન્સલ્ટન્સી નામથી સોના ચાંદી ખરીદી કરવાનું કામ કરે છે. પૃથ્વીરાજના મિત્રના હસ્તે કિશન ધરમશીભાઈ વઘાસીયા સાથે ઓળખ થઈ હતી. કિશને ગોલ્ડ લોન ભરવા પૈસાની જરૂર હોવાનું જણાવ્યું હતું. ગત 25 - ઓક્ટોબરનાં રોજ કિશને પૃથ્વીરાજનાં ભાગીદારને ફોન કરી તેની ગોલ્ડ લોન ક્લોઝ કરી આપવા વાતચીત કરી હતી, જેથી તેમણે કિશન પાસે લોનની સ્લીપ માંગતા તેણે વોટ્સેપ કરી આપી હતી. ગત 29 મીના રોજ કિશન પૃથ્વીરાજની ઓફિસે આવ્યો હતો, ત્યારે તેનું 436 ગ્રામ ગોલ્ડ પર 23.50 લાખ લોન ભરપાઈ કરવાનું જણાવ્યુ હતુ. જે ગોલ્ડ લોન પૂરી કરી સોનું બજાર કિંમત કરતાં ઓછા ભાવે પૃથ્વીરાજને વેચાણથી આપવા જણાવ્યુ હતુ. પૃથ્વીરાજે તેના પર વિશ્વાસ મૂકી ગોલ્ડ લોન ભરપાઈ કરવા કિશનનાં અલગ અલગ બે બેંક ખાતામાં 23.50 લાખ કુલ્લે ટ્રાન્સફર કરી આપ્યા હતા. જે બાદ બન્ને સાથે સીટી લાઈટની સી. એસ.સી બેંકમાં ગોલ્ડ લોન ભરપાઈ કરવા ગયા હતા. બેંકમાં જઈ કિશન ચેક બુક ઘરે ભૂલી ગયો હોવાનું કહી સમય પસાર કરતો હતો. કિશન ચેક બુક મંગાવવા ધ્યાન વર્મા નામના કોઈ ઇસમને સતત ફોન કરતો હતો. ત્રણ એક કલાક સમય પસાર કર્યા બાદ તેમની પાસે એક અજાણ્યો ઇસમ આવી તેને ધ્યાન વર્મા કિશન ભાઈને મદદ કરવા મોકલ્યો હોવાનું કહી પૃથ્વી રાજને વાતોમાં પાડ્યો હતો. આ તકનો લાભ લઈ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. કિશનને ત્યાંથી નીકળતા જોઈ પૃથ્વી તેની પાછળ ભાગતા ત્યાંથી આવેલો અજાણ્યો પણ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ મામલે સરથાણા પોલીસે કિશન વઘાસીયા અને અજાણ્યા વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વેલંજામાં લોટ બનાવતી ફેક્ટરીમાં ભીષણ આગને પગલે અફરાતફરી

**મશીનરી,** ઘઉંનો સ્ટોક, લોટ સહિતની સામગ્રી બળીને રાખ, કામદારો સમયસર બહાર નીકળી જતાં જાનહાનિ ટળી

સુરતઃ શહેરના છેવાડેના વેલંજા ગામે આજે સવારે ઘઉં દળતી ફેક્ટરીમાં ભયાનક આગ લાગતા ભાગદોડ મચી ગઈ હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગ ઝડપથી ફેલાઈ હતી. કામદારો તરત જ બહાર નીકળી જતાં તમામના જીવ બચી ગયા હતા. ફાયર બ્રિગેડે એકાદ કલાકની ભારે જહેમત બાદ આગને કાબૂમાં કરી હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ આજે સવારે વેલંજા ગામે ભક્તિધામ ઈન્ડસ્ટ્રીનાં પ્લોટ નં-51-52માં ઘઉંને દળી લોટ બનાવતી ફેક્ટરીમાં આજે સવારે 8:00 કલાકે આગ લાગવાના કારણે ફેક્ટરી પરિસરમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાવા લાગતા આસપાસના લોકોમાં પણ ગભરાટ ફેલાઈ ગયો હતો. ઘટના બની ત્યારે ફેક્ટરીમાં માલિકો પણ હાજર હતાં. તેમણે પહેલા આગ ઓલવવાના પ્રયાસો કર્યા હતાં, જો કે આગ કાબુ બહાર થઈ ચુકી હતી. બાદમાં આગનો કોલ ફાયર કંટ્રોલને કરવામાં આવતા કોસાડ તથા મોટા વરાછાના ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

મોટા વરાછા ફાયર ઓફિસર ધીરૂ ચૌહાણે જણાવ્યું હતુ કે, તેમની ટીમ ઘટના સ્થળે પહોચી હતી ત્યારે આગ સમગ્ર ફેક્ટરી પરિસરમાં ફેલાઈ ગઈ હતી. સતત પાણીનો મારો ચલાવીને આગને ગણતરીનાં કલાકોમાં જ કંટ્રોલમાં કરી લીધી હતી. ફેક્ટરીમાં લોટને ભરવા માટે કંતાનની બોરી હોવાને કારણે આગ ખૂબ જ ઝડપભેર ફેલાઈ હતી. જ્યારે મશીનરીનાં વાયરીંગમાં શોર્ટ સર્કિટ થયાં બાદ આગ ભડકી ઉઠી હોવાનું કારણ જાણવા મળ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ગીરનાર દર્શન યાત્રિક ભવનમાં પ્રવાસ અને યાત્રા વિષય પર પ્રવચન યોજાયું

ભવનાથના રૂપાયતન રોડ સ્થિત ગિરનાર દર્શન યાત્રિક ભવનમાં જૈનાચાર્ય હેમવલ્લભસૂરિજી અને પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજની પાવન નિશ્રામાં 'પ્રવાસ અને યાત્રા' એ વિષય ઉપર પ્રવચન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવુકો જોડાયા હતા. પૂ. પંન્યાસ શ્રી પદ્મદર્શનવિજયજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે; પગ ચાલે તેને પ્રવાસ કહેવાય અને અંતર ચાલે તેને યાત્રા કહેવાય. તારે તેને તીર્થ કહેવાય અને જેના વડે તરાય તેને તીર્થ કહેવાય. શત્રુંજય અને ગિરનાર બંનેય શાશ્વત તીર્થ છે. શત્રુંજય અનંતા સિદ્ધોની ભૂમિ છે અને ગિરનાર અનંતા તીર્થંકરોની નિર્વાણભૂમિ છે. આવતી ચોવીસીમાં ૨૪ તીર્થંકરો નિર્વાણ પદને પામશે. ગિરનાર તીર્થ સંતો, સાધકો અને તપસ્વીઓની ભૂમિ છે. અહિના પવિત્ર વાઈબ્રેશનો પત્થર જેવા પામર માણસને પણ પારસ બનાવવાની ક્ષમતા ધરાવે છે.

### અડાજણ રાંદેરરોડ સુરતી મોઢ વણિક સમાજનો કફન વિતરણ કાર્યક્રમ

સૂરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા 72 મો કફન વિતરણ કાર્યક્રમ દાતા શ્રી ઉષા જયવદન બોડાવાળા ના સહયોગ થી સુરત રેલ્વે સ્ટેશન ની પોલીસ ચોકી ખાતે યોજાયો હતો. આ સેવા માં કફન વિતરણ સેવા ના આયોજક અને યુવક મંડળ ના ઉપ પ્રમુખ વસંત ગોળવાળા એ જણાવ્યું કે આ સાથે 3815 કુલ મીટર કાપડ કફન વિતરણ દાતાઓના સહયોગ થી અર્પણ કરવામાં આવ્યો છે. અકસ્માતે કે આપઘાત ના હેતુ થી રેલ્વે ટ્રેક પર છોન્ન ભિન્ન થઈ જતાં માનવ દેહ પર ઓઢાડી મોતનો મલાજો જાળવવાના હેતુ થી આ સેવા કરવા માં આવે છે. આ સેવામાં વસંત ગોળવાળા સાથે યુવક મંડળના મૂકેશ અને જીતુ કટલરીવાળા આશીત મોદી, ચંદ્રેશ પાનવાળા એ હાજરી આપી હતી.

### સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસો.ની અંડર-23 ક્રિકેટ પસંદગી નેટ યોજાશે

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનની અખબારી યાદીમાં ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ દેસાઈ જણાવે છે કે ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ રમાનાર આંતર જીલ્લા (અંડર - ૨૩) ક્રિકેટ ટુર્નામેન્ટની તૈયારી રૂપે સુરત જીલ્લાની અંડર ૨૩ ક્રિકેટ ટીમની પસંદગી માટે ગુરૂવાર, તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર સવારે ૭:૩૦ વાગ્યે પસંદગી નેટ માટે હાજર થવું. તારીખ ૦૧ સપ્ટેમ્બર ૨૦૦૨ થી ૩૧ ઓગસ્ટ ૨૦૦૬ વચ્ચે જન્મેલા ખેલાડીઓ જ આ સિલેકશનમાં ભાગ લઈ શકશે.રસ ધરાવનાર ખેલાડીઓએ ક્રિકેટ કિટ સાથે સફેદ ગણવેશમાં જન્મ તારીખનાં પુરાવા સાથે સમયસર ગુરૂવાર, તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સવારે ૭:૩૦ વાગ્યે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર અંડર-૨૩ કોચ મેહુલ પટેલનો સંપર્ક કરવો.

### શ્રી ગોપાળલાલજી મહારાજ મંદિર ખપાટિયા ચકલા ખાતે પુષ્ટિ માર્ગીય ભજન

સુરત : શ્રી ગોપાળલાલજી મહારાજ મંદિર ખપાટિયા ચકલા સુરત ખાતે પુષ્ટિ માર્ગીય ભજન, કીર્તન, પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મનોરથી શ્રીમતિ વિશાખાબેન પંકજભાઈ કાપડિયા દ્વારા વૈષ્ણવ ભાઈ- બહેનોને ખૂબ જ સ્નેહથી મહાપ્રસાદ લેવડાવ્યો હતો. સફળ વ્યવસ્થા માટે શ્રીમતિ પુર્ણિમાબેન પથ્થરવાળાએ અને રાધિકાબેન શાહે કર્યું હતું.

### તેલુગુ શ્રી માર્કન્ડેય મહર્ષિના ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરાયુ

સુરતઃ તેલુગુ પદમાશાળી સમાજ દ્વારા શ્રી માર્કન્ડેય મહર્ષિના જન્મ દિવસ પહેલાં 41 દિવસનાં વ્રત કરવામાં આવતા હોય છે. આ મહાન વ્રતના આજે 29 દિવસ ચાલે છે તેના અનુસંધાને આજે તેલુગુ સમાજ દ્વારા આજે બપોરે મહાપ્રસાદનું આયોજન કર્યુ હતુ, જેમાં તેલુગુ પદમશાળી સમાજના આવવાનો પૈકી પ્રમુખ દાસારી શ્રીનિવાસ , સેક્રેટરી પામુ વેણુ , સમાજના અગ્રણી પૂર્વ સેક્રેટરી વેન્નાંમા શ્રીરામ, રામકૃષ્ણ ,સર્વેશ ,ચિત્યાલા શ્રીનિવાસ ,બિંગી અભિરામ, એલગામ શ્રીનિવાસ,ચિલુકા શ્રીનિવાસ વગેરે હાજરી આપીને ભક્તોને શુભેચ્છા પાટવી હતી અને શ્રી માર્કન્ડેય મહર્ષિના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

### સુરત જિલ્લા વકીલ મંડળે પૂર્વ CJI રંજન ગોગોઈનું અભિવાદન કર્યું

સુરતઃ રવિવાર